# ‘ઝાપટું આવ્યું અચાનક યાદનું, ઠેઠ હું અંદર સુધી પલળી ગયો’

## વરસાદી રમઝટમાં શહેરના નેટીજન્સે જોક્સ છોડીને સોશ્યલ મીડિયા પર રોમાન્ટિક શાયરીઓની રમઝટ જમાવી

ગાંધીનગર, તા. ૧૪

સોશ્યલ મીડિયાના આગમન પછી દુનિયામાં કોઈપણ ઘટના બને કે તુરંત જ તેને લગતા પ્રતિભાવો સાથે મજાક-મસ્તીથી ભરેલા ચબરાકિયાંની ભરમાર ચાલુ થઈ જાય છે પછી આંતકવાદી હૂમલો હોય કે નોટબંધી અને જીએસટી જેવા સરકારી નિર્ણયો હોય. જો કે આજે સાંજે શહેરમાં વરસેલા મદમસ્ત વરસાદી ઝાપટાંએ નેટીઝન્સને ‘મોજ’ કરાવતા એક નવો જ માહોલ જોવા મળ્યો હતો. વરસાદી વાતાવરણમાં સોશ્યલ મીડિયા પર નેટીઝન્સે ‘શાયરી’ઓની સાંબેલાધાર રોમાન્ટિક રમઝટ બોલાવી હતી એમાંથી કેટલીક અત્રે પ્રસ્તુત છે.

- ‘ગામમાં ભલેને ચારે તરફ ગારો કરી ગયો,
  આજ આ વરસાદ દિલથી મને, તારો કરી ગયો.’
- ‘સજા યે હે કી બંજર જમીન હું અબ મૈં,
  જુર્મ યે હે કી બારીશો સે ઈશ્ક કિયા મૈંને.’
- ‘સંઘરું છું વરસાદના ટીંપા મારી ગઝલોના દરેક અક્ષરમાં,
  ખબર છે મને, તમને અતિશય પસંદ છે પલળવુ વરસાદમાં.’
- ‘હું, તું ને વરસાદ, પ્રસંગ જો આવો મળે,
  જીંદગીને જીંદગી કહેવાનો લ્હાવો મળે.’
- ‘બારીશ સે જ્યાદા તાસીર હે યાદોં મેં...
  હમ અક્સર બંધ કમરોમેં ભીગ જાતે હૈ.’
- ‘થમ કે રહ જાતી હૈ જીંદગી તબ...
  જબ જમ કે બરસતી હૈ પુરાની યાદે...’
- ‘ના કર આંખોની લેવડદેવડ વરસતા વરસાદમાં,
  એક તો ભીંજાયેલ છુ ને તુ વધારે ભીંજવે છે..!!’
- ‘આજ મારી કાયમી ભીનાસનું કારણ કહું,
  એક નદી મારા સુધી આવીને ફંટાઈ ગઈ.’
- ‘વરસતા વરસાદમાં તું સાથે હોય તો કેવું ?
  વરસાદને પણ લાગે કંઈક વરસ્યા જેવું...’
- ‘તમે ભીનો સાશં અમને આપી તો જુઓ,
  અમે તમને પરત કરશું વરસતુ ચોમાસુ.’
- ‘પોતાની રચેલી મોસમ છે આપણી તો,
  હું વરસતો રહીશ ને તુ ભીંજાતી રહેજે...’
- ‘દો બુંદે ક્યા બરસી, ચાર બાદલ ક્યા છા ગયે,
  કિસી કો જામ તો કિસી કો કુછ નામ યાદ આ ગયે...’
- ‘બધા અતીરોના આજે ભાવ ગગડી ગયા,
  જ્યારે વરસાદે માટીને આલિંગન આપ્યું.’
- ‘આમ જુઓ તો વરસાદના પાણીનો ક્યાં કોઈ રંગ હોય છે,
  પણ એના આવ્યાં પછી મૌસમ આખી રંગીન બની જાય છે.’
- ‘ઝાપટું આવ્યું અચાનક યાદનું,
  ઠેઠ હું અંદર સુધી પલળી ગયો.’
- ‘બેફામ’ વરસવું જ પડે...
  ઝાકળથી પુર ના આવે.’
- ‘વરસાદ થંભી જાય તારા વિના,
  યા તો મારા શ્વાસ...’

# પ્રકૃતિ ઉદ્યાનનુ ગંદુ પાણી નદીમાં ઠાલવવાનું બંધ કરવા માંગ

## ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટરને પત્ર લખી કાઉન્સીલર હસમુખ મકવાણાએ કરેલી માંગ

ગાંધીનગર, તા. ૧૪

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાંથી ગટરનુ ગંદુ પાણી સાબરમતી



નદીમાં છોડવાના અને પૈસાનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યા અંગે કોંગ્રેસના કાઉન્સીલર હસમુખ મકવાણાએ રોષની લાગણી વ્યક્ત કરી આ કામગીરી બંધ કરવા માટે ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટરને પત્ર લખી માંગ કરી છે. એટલુ જ નહિ આ અંગે તાત્કાલિક પગલાં ભરવામાં નહિ આવે તો આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

ગાંધીનગર ખાતે આવેલા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન (ગીર ફાઉન્ડેશન)માં ગટરના ગંદા પાણીના નિકાલ કરવા માટે કેનાલ કરીને સાબરમતી નદીમાં ઠાલવવાનો પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવતો હોઈ તાત્કાલિક ધોરણે આ કામ પર રોક લગાવી સરકારી પૈસાનો થતો દુરુપયોગ કરવાવાળા અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરીને થયેલા કામના પૈસાનો ગેરવ્યવહાર કરીને અધિકારીઓ દ્વારા પોતાના ખિસ્સા ભરતા હોય તેવુ કામ ઉપરથી જણાઈ આવે છે, ઉપરોક્ત પાણી જો સાબરમતી નદીમાં છોડવામાં આવે તો નિયત મુજબ ગંદકીના પાણી જાહેર હિત જેવા સ્થળોએ છોડી શકાય નહિ, તેમ છતાં પણ રહેઠાણ તેમજ નદીના રસ્તાઓ ઉપર આ ગંદકીના પાણી છોડવા માટેનુ કામ કરવામાં આવી રહ્યું છે.

ગામનું વરસાદી પાણી (જે ગંદકીથી વર્ષનું સંગ્રહ કરેલુ પાણી) તેમજ અગાઉ વર્ષોથી પાણી જવાનો



જે જુનો રસ્તો છે તેને બંધ કરીને કેનાલ ખોદાણ કરી ગામના જાહેર રસ્તા ઉપર ખુલ્લુ છોડવાની પેરવી કરવામાં આવી રહી છે. તેમજ ગામ વસાહતમાં (બક્ષીપંચના લોકાના) મકાનો આવેલા છે, તેમજ ગામનો નદી તરફ જવાનો રસ્તો પણ આવેલો છે, જે ગામડાના સ્મશાન તરફ જવાનો રસ્તો છે, આથી આ જુનો રસ્તો પણ બંધ થશે તેમજ જમીનનુ ધોવાણ થશે, તેમજ રહેણાંક વિસ્તારમાં ગટરનું ગંદુ પાણી છોડાશે, જેના લીધે પર્યાવરણમાં તેમજ લોકોમાં રોગચાળો ફેલાઈ શકે તેમ છે.

## કારોબારી સમિતિના ચેરમેનને નડેલો અકસ્માત

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અને જિલ્લા કોંગ્રેસના મહામંત્રી અરવિંદસિંહ સોલંકીને ગઈકાલે અકસ્માત નડ્યો હતો. જો કે તેમની કારને નુકશાન થયુ હતુ પરંતુ તેમને કોઈ ઈજા પહોંચી ન હતી.

ગઈકાલે સવારે તેઓ તેમના ફાર્મહાઉસથી નેશનલ હાઈવે પર આવી રહ્યા હતા ત્યારે તેમને આ અકસ્માત થયો હતો. અકસ્માતમાં ગાડીને નુકશાન થયુ હતુ. આજે તેઓ તેમના પરિવારની અન્ય ગાડીમાં પંચાયત કચેરીએ આવ્યા હતા. દરમ્યાન જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નાદુરસ્ત બનતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે જ્યારે મહામંત્રીનો અકસ્માત બચાવ થતાં આજે કોંગી કાર્યકરોમાં ચિંતાની લાગણી જોવા મળતી હતી.

# ગુણોત્સવ-૬ની તુલનામાં ગુણોત્સવ-૭નું પરિણામ ઉત્સાહવર્ધક નથી

ગાંધીનગર, તા. ૧૪

ગુણોત્સવ-૬ની તુલનામાં ગુણોત્સવ-૭માં કોઈ મોટો ફેરફાર ન થતાં શિક્ષણતંત્રમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળતો હતો.

એ પ્લસ ગ્રેડ મેળવનારી શાળાઓમાં દહેગામ, કલોલમાં ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે માણસામાં વધારો જોવા મળ્યો છે. ગાંધીનગરમાં પરિણામમાં કોઈ બદલાવ જોવા મળ્યો નથી.

એ ગ્રેડ મેળવનાર શાળાઓમાં દહેગામમાં વધારો તો ગાંધીનગર, કલોલમાં ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે માણસામાં નજીવો વધારો થયો છે, જો કે સમગ્રતયા જિલ્લામાં એ ગ્રેડ મેળવનાર શાળાઓમાં ઘટાડો જોવા મળ્યો છે.

બી ગ્રેડ મેળવનાર શાળાઓમાં દહેગામમાં ઘટાડો, ગાંધીનગરમાં વધારો, માણસામાં ઘટાડો અને કલોલમાં વધારો જોવા મળ્યો છે.

સી ગ્રેડ મેળવનાર શાળાઓમાં ઘટાડો અને ડી ગ્રેડ મેળવનાર શાળાઓમાં ઘટાડો નોંધાતાં તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે પરંતુ જે સફળતાનો આનંદ તંત્રમાં જોવા મળતો ન હતો.

જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આગામી દિવસોમાં ગુણવત્તાસભર શિક્ષણ પર વધુ ભાર મુકવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ભૌતિક સુવિધાઓમાં થયેલા સુધારાને પગલે પરિણામ સારૂ જરૂર કહી શકાય પણ શૈક્ષણિક મૂલ્યાંકનમાં જોઈએ તેટલો બદલાવ મેળવવામાં નિષ્ફળતા મળી હોવાનું શિક્ષણ જગતના અંતરંગ સૂત્રો ખાનગીમાં સ્વીકાર કરી રહ્યા છે.

# અડાલજમાં સ્ટ્રીટ લાઈટ-સર્વિસ રોડ માટે ૬૫ લાખના કામોનુ ભુમિપુજન

ગાંધીનગર તા ૧૪

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે અડાલજમાં સ્ટ્રીટ લાઈટ તેમજ સર્વિસ રોડના ભુમિપુજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યુ છે. એલ ઈ ડી ના ૬૦ પોલ્સ નાંખવામાં આવશે. જયારે સર્વિસ માર્ગના નિર્માણ પાછળ પણ રૂ ૫૦ લાખ ખર્ચાશે. આજે ગુડાના ચેરમેન તેમજ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે રૂ ૬૫ લાખના આ કામોનુ ભુમિપુજન કર્યુ હતુ.

ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં તેમજ ગુડાના ગામોમાં માળખાગત સુવિધાના વિવિધ કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયા છે. જયારે ગુડાના તમામ ગામોમાં એલ ઈ ડી લાઈટની જળહળા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે આગામી દિવસોમાં આ ગામોમાં અજવાળુ પથરાઈ જશે. જયારે હાલ પણ ગુડાના ટી પી વિસ્તારમાં વિવિધ કામોનુ ભુમિપુજન




કરવામાં આવી રહયુ છે. જેમાં આજે પણ અડાલજમાં ૨ કી મીના વિસ્તારમાં એલ ઈ ડી લાઈટ નાંખવા માટેના કામનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. ૨ કી મી ના રૂટમાં રૂ ૧૫ લાખના ખર્ચે ૬૦ પોલ્સ નાંખવામાં આવશે. જયારે સિંધુભવનથી અડાલજ સર્કલ સર્વિસ રોડનુ પણ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ સર્વિસ રોડના નિર્માણ માટે રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. સર્વિસ રોડની કામગીરીના અંતે આજુબાજુની સોસાયટીઓ તેમજ અડાલજ ગામના રહીશોને ટ્રાફિકની દ્રષ્ટીએ વધુ સરળતા ઉપલબ્ધ થશે. ગુડાના આ ટી પી વિસ્તારમાં રૂ ૬૫ લાખના ખર્ચે એલ ઈ ડી લાઈટ તેમજ સર્વિસ રોડનુ કામ હાથ ધરાશે. આ બન્ને કામોની આજે ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ . ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે ભુમિપુજન વિધી સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત કારોબારી ચેરમેન ઘનશ્યામ પટેલ જીલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા અડાલજ ગ્રામ પંચાયતના સરપંચ,ડેપ્યુટી સરપંચ તેમજ પંચાયતના સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

## હાર્ટએટેકથી મૃત્યુ પામે સલામતિ શાખાનાં કોન્સ્ટેબલનાં પરિવારને સહકર્મીઓએ પોતાની બચતમાંથી આર્થિક સહાય કરી

### સ્વેચ્છાએ સલામતિ શાખાનાં ૩૦૦ જેટલા અધિકારી-કર્મચારીઓએ ફાળો એકત્ર કરી મૃતકનાં પરિવારને આર્થિક ટેકો પુરો પાડ્યો

ગાંધીનગર ખાતે સલામતિ શાખામાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલનું દોઢ મહિના અગાઉ હાર્ટ એટેકથી અકાળે મૃત્યુ નિપજ્યુ હતુ. કોન્સ્ટેબલનાં પરિવારમાં ઓચિંતો દુઃખનો પહાડ તુટી પડ્યો હતો.



સ્ટાફ કર્મીનાં પરિવારને આવી પડેલા દુખને પોતાનુ દુખ માનીને સલામતિ શાખાનાં અધિકારી-કર્મચારીઓએ સ્વેચ્છાએ પોતાની બચતમાંથી ફાળો એકત્ર કર્યો અને આજે જીલ્લા પોલીસ વડાનાં હસ્તે મૃતક કોન્સ્ટેબલનાં પત્નિને એકત્રીત કરેલુ ફંડ સુપ્રત કર્યુ હતુ. સલામતિ શાખાનાં આ પ્રેરણાદાયક કાર્યને જીલ્લા પોલીસ વડાએ બિરદાવ્યુ હતુ.

મંત્રીઓની સુરક્ષા માટે સલામતિ શાખામાં ફરજ બજાવતા આર્મ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ આર ઝાલાનું ૧૨ મે એ હાર્ટએટેકથી ૩૮ વર્ષની નાની વયે મૃત્યુ નિપજ્યુ હતુ. બે સંતાનોનાં પિતાનાં અકાળે મૃત્યુથી પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. પરિવારજનો પર આવી પડેલા દુખને પોતાનુ દુખ માનીને જીતેન્દ્રસિંહ ઝાલાનાં સહકર્મીઓએ પરિવારનાં સભ્યોને આર્થિક મદદ કરવા સ્વેચ્છાએ ફાળો એકત્ર કર્યો હતો. સલામતિ શાખાનાં ૩૦૦ જેટલા અધિકારી-કર્મચારીઓએ ફાળો એકત્ર કરી ગાંધીનગર એસ.પી કચેરી ખાતે જીલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવનાં હસ્તે મૃતકનાં પત્નિ પ્રવિણાબા ઝાલાને આર્થિક સહાયની રકમ સુપ્રત કરવામાં આવી હતી.

# ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરતુ ટાબરીયુ પકડાયુ

## એલ.સી.બીની ટીમે સે-૨૮ ગાર્ડન પાસેથી ચોરીના એક્સેસ સાથે ટાબરીયાને પકડ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એલ.સી.બીની



ટીમે સેક્ટર – ૨૮ના બગીચા પાસેથી વધુ વાહન ચોર ને દબોચી લીધો છે. સેક્ટર – ૨૮ ગાર્ડન પાસે ટીમ પેટ્રોલીંગમા હતી ત્યારે એક ટાબરીયુ શકમંદ દેખાઈ આવ્યુ હતુ. તેને પકડી તેની પાસેના એક્સેસ અંગે પુછપરછ કરતા આ એક્સેસ તેણે મહિના અગાઉ અમદાવાદ વિસ્તારમાંથી ઉઠાવ્યુ હોવાનુ ખુલ્યુ છે. ડુપ્લીકેટ ચાવીની મદદથી એકસેસ ચોરી કર્યુ હોવાનુ પુછપરછમાં બહાર આવ્યુ છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમનાં પી.એસ.આઈ કૃણાલ પટેલ તથા સ્ટાફનાં માણસો સે-૨૮ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સે-૨૮ ગાર્ડન પાસે મધુર પાર્લર નજીકથી એક શંકાસ્પદ કિશોરને એક્સેસ સાથે પકડી પાડ્યો હતો. કાયદાનાં સંઘર્ષમાં આવેલા આ ટાબરીયાને પકડી પાડી તેની પુછપરછ કરતા આજથી એકાદ માસ પહેલા ૧૬ જુને અમદાવાદ મણીનગર ખાતેથી આ એક્સેસ ઉઠાવ્યુ હોવાનું ખુલ્યુ છે. મણીનગરનાં કેશરકુંજ કોમ્પ્લેક્ષનાં પાકર્લગમાંથી આ એક્સેસને ડુપ્લીકેટ ચાવીની મદદથી ખોલીને ચોરી કરી લીધુ હતુ અને ત્યાર બાદ આ ચોરેલા એક્સેસને નંબર પ્લેટ બદલી નાંખીને ફેરવતો હોવાનુ ખુલતા ચોરીનું એક્સેસ જપ્ત કરી લઈને એલ.સી.બી ની ટીમે ટાબરીયાની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

## સે-૮ તેજસ્વી તારલાઓને સન્માનવા માટેની માર્કશીટની નકલ મોકલી આપવાની સમય મર્યાદામાં વધારો

સેકટર-૮ના વસાહત મંડળ દ્વારા આગામી તા.૬-૮-૧૭ના રોજ બપોરે ૪ કલાકે શ્રી ત્રંયબકેશ્વર મહાદેવ મંદિરની બાજુના બગીચામાં ધો-૧ થી ૧૦ માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૭ના પરિણામની માર્કશીટની નકલ તા. ૧૫-૭-૧૭ સુધીમાં જમા કરાવવાનું સેકટર-૮ વસાહત મંડળ દ્વારા જણાવાયુંહતું. પરંતુ આ મુદતમાં વસાહત મંડળ દ્વારા વધારો કરવામાં આવ્યો છે. જેમાં આગામી તા-૨૦ જુલાઈ સુધીમાં વિદ્યાર્થીઓએ માર્કશીટ જમા કરાવવાની રહેશે. માર્કશીટ નકલ નિલેષભાઈ.જે. પટેલ, પ્રણવ. એચ. ઠાકર, વિરેન્દ્ર જાદવ, અને મંગળદાસ પટેલને પહોંચાડવા સે-૮ વસાહત મંડળ દ્વારા જણાવાયું છે.


## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર માટે નીચેની વિગતો ભાવો મંગાવવામાં આવે છે. લેઝર પ્રિન્ટરના ટોનર કાર્ટીઝની ખરીદી અને રીફીલીંગ માટે ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય નાયબ નિયામકશ્રી, હિસાબી શાખા, માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોકનં. ૧૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી તા. ૮/૮/૨૦૧૭ સુધીમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન રૂ. ૧૫૦૦/- રોકડા ચૂકવ્યેથી મળી શકશે.

માહિતી/૧૦૫૫/૧૭-૧૮ માહિતી નિયામક

## મતદારયાદીની સુધારણા-૨૦૧૭

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૧-૭-૨૦૧૭ થી તા. ૩૧-૭-૨૦૧૭ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર પણ આપ આપના નામની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૭ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૧૬-૭-૨૦૧૭ અને તા. ૨૩-૭-૨૦૧૭, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો**

- **જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :**
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- **જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.**

**યાદ રાખો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.**

**અરજી કરવાની તારીખ : ૧-૭-૨૦૧૭ થી ૩૧-૭-૨૦૧૭ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૧૦૫૧/૧૭-૧૮ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય